# સેન્સેક્સે ૨૧૦૦૦ની સપાટી ફૂદાવી

મુંબઈ,તા. ૨૦

શેરબજારમાં આજે તેજીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૩૭૧ પોઈન્ટ સુધરીને ૨૧૦૮૦ની સપાટીએ રહ્યો હતો. ૨૫મી નવેમ્બરના દિવસે સેન્સેક્સમાં ૩૮૮ પોઈન્ટનો સુધારો નોંધાયા બાદ આ સૌથી મોટો એક દિવસનો સુધારો નોંધાયો છે. અગાઉના સેશન્સમાં બેંચમાર્ક સેન્સેક્સમાં ૧૫૧ પોઈન્ટનો ઘટાડો નોંધાયા બાદ આજે તેમાં ફરી એકવાર તીવ્ર તેજી જોવા મળી હતી. બેંકિંગ, આઈટી અને ઓટો સેક્ટરમાં જોરદાર લેવાલી જામી હતી. ઉંચી ગેસ કિંમતો માટે સરકારની મંજુરીની દિશામાં આરઆઈએલ વધતા તેજીનું મોજુ ફરી વળ્યુ છે. એકંદરે આજે કારોબાર દરમિયાન ૧૫૨૨ શેરમાં તેજી જોવા મળી હતી અથવા તો જે શેરમાં કારોબાર થોય હતો તે પૈકીના ૧૦ પૈકીના છમાં તેજી જોવા મળી હતી. આજે મૂડીરોકાણકારોની સંપત્તિમાં એકલાખ કરોડનો વધારો થયો હતો. ઓઈલ એન્ડ ગેસ તથા રિયાલિટીના નેતૃત્વમાં ૧૩ સેક્ટરલ ઈન્ડેક્સ પૈકીના ૧૨માં તેજી જોવા મળી હતી. આ સપ્તાહ દરમિયાન સેન્સેક્સમાં ઉથલપાથલની સ્થિતિ જોવા મળી છે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં તીવ્ર તેજી જોવા મળી હતી. એપ્રિલથી કુદરતી ગેસ કિંમતને બે ગણી કરી દેવા એનર્જીની મહાકાય કંપનીને મંજુરી આપી દેવાનો કેબિનેટે નિર્ણય કર્યા બાદ તેના શેરમાં ૪.૫૮ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ઓએનજીસીના શેરમાં ૩.૯૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. અ ે ચ ડ ી અ ે ફ ર ા ી , આઈસીઆઈસીઆઈ બેંક, ટીસીએસ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એચયુએલમાં પણ તેજી રહી હતી. ૩૦ શેર સેન્સેક્સ પૈકીના ૨૭માં તેજી જોવા મળી હતી. નેશનલ સ્ટોક એક્સચેન્જના ઈન્ડેક્સ નિફ્ટીમાં ૧૦૭ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો. આની સાથે જ તેની સપાટી ૬૨૭૪ નોંધાઈ હતી. બ્રોકરોનું કહેવું છે કે આરબીઆઈએ રેટને યથાવત રાખવાનો નિર્ણય કર્યા બાદ સ્થાનિક શેરબજારમાં ઉત્સુકતા જાગી છે. આ ઉપરાંત વિદેશી પ્રવાહ પણ વધ્યો છે. ખાંડ સેક્ટરમાં પણ તેજી આવી છે. ખાંડ સેક્ટરના શેરમાં લેવાલી જોવા મળી છે.

શક્તિ સુગરના શેરમાં ૭.૮૪ ટકાનો ઉછાળો નોંધાયો હતો. જ્યારે ધામપુર સુગરમાં ૧.૯૭ ટકા, શ્રી રેણુકામાં ૧.૦૧ ટકાનો ઉછાળો રહ્યો હતો. ગ્રુપ એમાં ૧૪ શેરમાં એક વર્ષની ઉંચી સપાટી જોવા મળી હતી જેમાં ઈન્ફોસિસ, જેએસડબલ્યુ સ્ટીલ, લુપીન, મારૂતિ, વિપ્રોનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે સ્ટીમ્યુલસ પેકેજમાં કાપ મૂકવાની અમેરિકી ફેડરલની જાહેરાતની સીધી અસર થશે તેવી દહેશત વચ્ચે ગઈકાલે શેરબજારમાં મોટો કડાકો બોલી ગયો હતો. આરબીઆઈની પોલીસી સમીક્ષાના દિવસે શેરબજારમાં તેજીના એક દિવસ બાદ ગઈકાલે ફરી એકવાર બજારમાં મંદી રહી હતી. કારોબારના અંતે બેંચમાર્ક સેન્સેક્સ ૧૫૧ પોઈન્ટ ઘટીને નીચી સપાટીએ બંધ રહ્યો હતો. બેકિંગ, કેપિટલ ગુડ્સ અને પાવર શેરમાં વેચવાલી જોવા મળી હતી. ફેડરલ ઓપન માર્કેટ કમિટીએ ગઈકાલે માસિકરીતે બોન્ડ ખરીદીમાં આગામી મહિનાથી કાપ મૂકવાની જાહેરાત કરી હતી. શેરબજારમાં આજે ફરી એકવાર તીવ્ર તેજી નોંધાઈ હતી. તીવ્ર તેજી માટે અન્ય કેટલાક પરિબળો પણ જવાબદાર હતા. એફઆઈઆઈ દ્વારા ૨૨૬૪.૧૧ કરોડની કિંમતના શેરની ખરીદી કરી છે.

**તબિયત લથડી હોવાના અહેવાલ**

## લાલુ પ્રસાદ યાદવ એમ્સ હોસ્પિટલમાં દાખલ થયા

નવી દિલ્હી,તા. ૨૦

રાંચીમાં બિરશામુંડા જેલમાંથી જામીન પર મુક્ત થયાના ચાર દિવસ બાદ આરજેડીના વરિષ્ઠનેતા અને બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવે આજે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૩મી ડિસેમ્બરના દિવસે સુપ્રીમ કોર્ટ દ્વારા ઘાસચારા કૌભાંડ કેસમાં લાલુને જામીન આપવામાં આવ્યા બાદ લાલુની તબિયત ખરાબ થઈ હતી. લાલુ યાદવ હાલમાં જ જાહેરાત કરી ચુકયા છે કે તેઓ વર્ષ ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં કોમવાદી પરિબળોને સત્તાથી દૂર રાખવા મજબુત બિનસાંપ્રદાયિક મોરચાની રચના કરવા માટે કામ કરશે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કોમવાદી પરિબળોને દૂર રાખવા લાલુ કમરકસી ચુક્યા છે. મોદી સામે એકમત થવા તમામ લોકશાહી પક્ષોના નેતાઓને સમજાવવા લાલુ દેશભરમાં ફરવા જાહેરાત કરી ચુક્યા છે. બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કહી ચુક્યા છે કે તેઓ કોંગ્રેસની સાથે હતા અને આ પાર્ટીને ફરી ટેકો આપશે.

# માફી માંગવા અમેરિકાનો ઈન્કાર

## ભારત અને અમેરિકા દેવયાની મામલે આમને સામને

નવી દિલ્હી,તા. ૨૦

અમેરિકાએ ભારતીય મહિલા ડિપ્લોમેટ દેવયાની ખોબરાગઢેના મામલામાં મૂકવામાં આવેલા આક્ષેપોને પરત લેવા અને તેની સાથે કરવામાં આવેલા ખરાબ વર્તન ઉપર માફી માંગવાનો ઈન્કાર કરી દીધો છે. ભારત દ્વારા અતિ કઠોર વલણ અપનાવામાં આવ્યુ હોવા છતાં અમેરિકા પણ હવે ઝૂકવા માટે તૈયાર નથી. ભારતે તાજેતરમાં જ માફી માંગવા માટે અમેરિકા સમક્ષ રજુઆત કરી હતી. યુએસ વિદેશ વિભાગના પ્રવકતા મેરી હર્ષે કહ્યુછે કે તેમને એવી માહિતી મળી રહી છેકે ભારતમાં નોકરાણીના પરિવારના સભ્યોને

ધાકધમકી આપવામાં આવી રહી છે. દરમિયાનમાં ખોબરાગઢની બહેને એક પત્ર જારી કર્યો છે જે નોકરાણીએ પોતાના પરિવારના સભ્યોને લખ્યો હતો. આ પત્રમાં જણાવવામાં આવ્યુ છે કે તે દેવયાનીના ઘરે ખૂબ જ ખુશ છે. યુએસના વિદેશ વિભાગના પ્રવકતાએ કહ્યુ છે કે અમે આ નક્કી કરવાની સ્થિતિમાં નથી. દેવયાની પર કેસ ચાલશે કે કેમ આ કાયદાકીય મામલો છે. અમારે ત્યાં આ પ્રકારના આક્ષેપોને ખૂબજ ગંભીરતાપૂર્વક લેવામાં આવે છે. હર્ષે ભારતના એવા આક્ષેપોને પણ ખોટા ઠેરવ્યા છે કે અમેરિકાએ તેના દ્વારા મોકલવામાં આવેલા પત્રો અને વાતચીતનો કોઈ જવાબ આપ્યો ન હતો. આ કહેવું ખૂબજ ખોટુ છે કે આ મુદ્દે ભારત સરકારના કોઈ સંદેશાઓને નજરઅંદાજ કરવામાં આવ્યા હતા. લાપતા ભારતીય નોકરાણીના પરિવારના સભ્યોને વિઝા ઉપલબ્ધ કરાવવાના મામલામાં અમેરિકી સરકારના નિર્ણયનો બચાવ કરીને હર્ષે કહ્યુ છે કે આ પરિવારને મળાવવાના પ્રયાસનો હિસ્સો છે. અમેરિકી સરકારે પીડિતાને તેના પરિવારના સભ્યોને મળાવવાનો નિર્ણય કર્યો છે. દરમિયાનમાં આ સંદર્ભમાં વધુ એક નવો વિવાદ સપાટી પર આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે જ કેન્દ્રિય પ્રધાન કમલનાથે કહ્યુ હતુ કે ભારત માફી સિવાય કોઈ બાબતને ચલાવી લેશે નહીં.

**૧૨ પ્રધાનોનો સમાવેશ કરાયો**

## રાજસ્થાનમાં વસુંધરા રાજે કેબિનેટનું વિસ્તરણ કરાયુ

જયપુર,તા. ૨૦

રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ આજે પ્રધાનમંડળનું વિસ્તરણ કર્યુ હતુ અને નવ કેબિનેટ પ્રધાનો તથા ત્રણ રાજ્ય પ્રધાનોનો સમાવેશ કર્યો હતો. રાજસ્થાનના રાજ્યપાલ માર્ગરેટ આલ્વાએ તમામ ૧૨ પ્રધાનોને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. કેબિનેટ પ્રધાનોમાં ગુલાબચંદ કટારિયા, રાજેન્દ્રસિંહ રાઠોડ, કાલિચરણ શરાફ, કૈલાસ મેઘવાલ, સનવરલાલ ઝાટ, પ્રભુલાલ સૈની, ગજેન્દ્રસિંહ, યુનિસખાન, નંદલાલ મીણાનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્ય પ્રધાનોમાં અરૂણ ચતુર્વેદી, અજયસિંહ અને હેમસિંહનો સમાવેશ થાય છે. રાઠોડને વસુંધરા રાજેના સૌથી વિશ્વસનિય તરીકે ગણવામાં આવે છે જ્યારે કટારિયા રાજ્ય ભાજપ એકમના વરિષ્ઠ નેતા છે. ખાતાઓની ફાળવણી પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. વસુંધરા રાજેએ ૧ ડિસેમ્બરના દિવસે રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ભાજપે રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર સપાટો બોલાવીને હાલમાં ૨૦૦ પૈકીની ૧૬૩ સીટો જીતી લીધી હતી. વસુંધરા બીજી વખત રાજસ્થાનના મુખ્યમંત્રી બન્યા છે.

## સજાતીય સેક્સ સંબંધ મામલે સરકારની સુપ્રીમમાં રજુઆત

નવી દિલ્હી,તા. ૨૦

કેન્દ્ર સરકારે સજાતીય સેક્સ સંબંધોના મામલે આજે સમીક્ષા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી દીધી હતી. સજાતીય સંબંધોને ગેરકાયદે ગણાવનાર સુપ્રીમ કોર્ટના ચૂકાદા પર ફેરવિચારણા કરવા કેન્દ્ર સરકારે અરજી દાખલ કરી હતી. સરકાર ઈચ્છે છે કે પુખ્ત વયના લોકો દ્વારા પારસ્પરિક સંબંધોને અપરાધ તરીકે ગણવામાં ન આવે. સરકારે કલમ ૩૭૭ પર દિલ્હી હાઈકોર્ટના ચૂકાદાનું સમર્થન કરીને કહ્યુ છે કે આઈપીસીના આ વિવાદાસ્પદ જોગવાઈ બ્રિટિશ સમયનું પરિણામ છે.

સજાતીય સમુદાય સાથે સંકળાયેલા લોકો દ્વારા આ પગલાનું સ્વાગત કર્યુ છે. કેન્દ્રિય કાયદાપ્રધાન કપિલ સિબ્બલે સોશિયલ નેટવર્કીંગ સાઈટ ટ્વિટર પર કહ્યુ છે કે સરકારે સુપ્રીમ કોર્ટમાં કલમ ૩૭૭ પર રિવ્યૂ પિટિશન દાખલ કરી દીધી છે. અમને આશા છે કે વ્યક્તિગત પસંદનો અધિકાર સુરક્ષિત રહેશે. સરકારે આ અરજી સુપ્રીમ કોર્ટના એ ચૂકાદાની સામે દાખલ કરી છે જેમાં દિલ્હી હાઈકોર્ટના ચાર વર્ષ પહેલા આપવામાં આવેલા ચૂકાદાને ફગાવી દેવામાં આવ્યો હતો. આનીસાથે જ સજાતીય સંબંધો બનાવવાની બાબત ભારતમાં અપરાધ સમાન છે. આના માટે આજીવન કારાવાસની સજા થઈ શકે છે. સરકાર ઈચ્છે છે કે સુપ્રીમ કોર્ટ પોતાના ચૂકાદા પર ફેરવિચારણા કરે અને દિલ્હી હાઈકોર્ટના ચૂકાદાને ફરી સ્થાપિત કરે. દિલ્હી હાઈકોર્ટે બીજી જુલાઈ ૨૦૦૯ના દિવસે આઈપીસીની કલમ ૩૭૭માં સજાતીય સેક્સ સંબંધોને અપરાધની હદથી દૂર કરવાનો ચૂકાદો આપ્યો હતો અને કહ્યુ હતુ કે કોઈ ગુપ્ત જગ્યાએ બે પુખ્ય વયના લોકો વચ્ચે સંમતિથી સ્થાપિત કરવામાં આવેલા સંબધ અપરાધની શ્રેણીમાં આવશે નહીં. ત્યારબાદ ચાર વર્ષ સુધી સહમતિથી સ્થાપિત સજાતીય સંબંધો અપરાધ તરીકે ન હતા પરંતુ સુપ્રીમ કોર્ટના આ મહિનામાં આવેલા આદેશ બાદ સજાતીય સંબંધો હવે ગેરકાયદે છે અને આના માટે આજીવન કારાવાસ સુધીની સજા થઈ શકે છે. સુપ્રીમ કોર્ટ કલમ ૩૭૭ને જાળવી રાખીને કહ્યુ હતુ કે આ મામલે ગંભીરતાપૂર્વક ચકાસણી કરાઈ છે. સંસદ ઈચ્છે તો તે આઈપીસીની કલમ ૩૭૭ને ફેરફાર કરી શકે છે. કોંગ્રેસે આનો વિરોધ કર્યો હતો જ્યારે ભાજપે સુપ્રીમના ચૂકાદાનું સ્વાગત કર્યુ હતુ.

**ભ્રષ્ટાચાર સામે જંગ તીવ્ર બનશે**

## રાહુલ વધુ ઘણાં બિલને હાથ ધરવા માટે ઈચ્છુક

**નવી દિલ્હી,તા.૨૦**

**ભ્રષ્ટાચાર સામે જોરદાર લડત ચલાવવાની જોગવાઈ ધરાવતા લોકપાલ બિલને પસાર કરી દેવામાં આવ્યા બાદ કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી ભ્રષ્ટાચાર વિરોધી વધારે બિલને આગળ વધારવાની તૈયારીમાં છે. ભ્રષ્ટાચારની**

**પ્રવૃત્તિમાં સામેલ સભ્યો ઉપર તવાઈ લાવવા રાહુલ ગાંધી હવે કમર કસી ચૂક્યા છે. લોક્પાલ બિલ મામલે સફળતા મળ્યા બાદ હવે રાહુલ વધુ કઠોર પાસાં તે દિશામાં વિચારી રહ્યા છે. અન્ય પેન્ડીંગ રહેલા બિલને પણ હાથ ધરવાની તૈયારીમાં છે જેમાં સિટીઝન્સ ચાર્ટર્ડ, જ્યુડીશીયલ એકાઉન્ટેબિલીટી બિલનો સમાવેશ થાય છે. ચાર બિલ અન્ય પણ છે જે રાહુલ ગાંધી હાથ ધરવા માગે છે. કોંગ્રેસની ચૂંટણી યોજના માટે વિટ્સ લે લોઅર્સ બિલ પણ મહત્વપૂર્ણ છે. કોંગ્રેસના કેટલાક નેતાઓ પણ માને છે કે લોકસભા ચૂંટણી પહેલા મહત્વ બિલને આગળ વધારવામાં આવે તે જરૂરી છે.**

## બીગ બોસ-૭ : સલમાન, કલર્સ સામે એફઆઈઆર દાખલ

મુંબઈ, તા. ૨૦

બીગ બોસ -૭ને લઈને એક પછી એક વિવાદો સપાટી પર આવી રહ્યા છે. હવે બીગ બોસ -૭માં હોસ્ટ તરીકેની ભૂમિકામાં રહેલા બોલિવુડ સુપરસ્ટાર સલમાન ખાન અને ટીવી ચેનલ કલર્સની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ આ સંદર્ભમાં ખુલાસાનો દોર શરૂ થયો છે. બંને પર ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. બંને પર શોમાં મુસ્લિમોની ધાર્મિક ભાવનાઓને નુકસાન પહોચાડવાનો આક્ષેપ કરાયો છે. તાજેતરમાં જ બીગ બોસના ઘરમાંથી બહાર થયેલી સોફિયા હયાતે તેના સાથી અરમાન કોહલીની સામે એફઆઈઆર દાખલ કરાઈ હતી જેના લીધે અરમાન કોહલીની લોનાવાલા પોલીસ દ્વારા બીગ બોસના ઘરમાંથી ધરપકડ કરવામાં આવી હતી જો કે જામીન મળી ગયા બાદ અરમાન ફરી બીગ બોસના ઘરમાં પરત ફર્યો છે. હવે રિયાલિટી શોના ફિનાલે આડે ગણતરીના દિવસો રહ્યા છે. એવી અટકળો ચાલી રહી છે કે ટીઆરપીને વધારવાના હેતુસર આ પ્રકારની ગણતરી ચાલી રહી છે. અરમાન કોહલીની ધરપકડ બાદ તેના ફિલ્મ નિર્માણના પિતા રાજકુમાર કોહલીએ ઈન્ટરવ્યૂમાં આ અંગે સંકેત આપ્યો છે. સલમાનખાન અને કલર્સ ચેનલની સામે વિવાદ બાદ હવે આનો નિકાલ કઈ રીતે આવે છે તેના પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. બીગ બોસ-૭માં હોસ્ટ સલમાન સામે એફઆઈઆર દાખલ થતા સલમાનના ચાહકોમાં ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ છે. સલમાન ખાન હાલમા આ શોના કારણે પક્ષપાતના આક્ષેપોનો પણ સામનો કરી રહ્યો છે જોકે સલમાન આ શોના હોસ્ટ તરીકે ઘણા સમયથી સતત આવી રહ્યો છે.

## દિલ્હીમાં ફરી ચૂંટણી થશે તો કેજરીવાલને નુકસાન

નવી દિલ્હી,તા. ૨૦

દિલ્હીમાં આમ આદમી પાર્ટીએ સરકાર બનાવવી જોઈએ કે કેમ તેને લઈને ભારે અસમંજસની સ્થિતિ ઊભી થયેલી છે ત્યારે હવે નવા સર્વેમાં એવી બાબત જાણવા મળી છે કે જો દિલ્હીમાં ફરી ચૂંટણી થશે તો અરવિંદ કેજરીવાલને મોટો ફટકો પડશે અને આ પાર્ટીને ઓછા મત મળશે. કોંગ્રેસની શરત વગર સરકાર બનાવવાની ઓફર બાદ કેજરીવાલ હવે ખૂબ જ મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. સ્થિતિ એવી ઊભી થઈ છે કે કેજરીવાલ હા કે ના કરી શકતા નથી. કેજરીવાલ હવે લોકોનો અભિપ્રાય મેળવી લીધા બાદ સોમવાર સુધી સરકાર બનાવવાના સંદર્ભમાં વલણ સ્પષ્ટ કરશે. દરમિયાનમાં એબીપી ન્યૂઝ નેલ્સન દ્વારા આ મામલામાં દિલ્હીના લોકો પાસેથી અભિપ્રાય મેળવવામાં આવ્યા હતા. કોંગ્રેસના સમર્થનથી દિલ્હીમાં સરકાર બનવી જોઈએ કે કેમ આ સર્વેના જવાબમાં ૮૦ ટકા લોકોએ કહ્યું હતું કે અરવિંદ કેજરીવાલે કોંગ્રેસના સમર્થન સાથે સરકાર બનાવવી જોઈએ. ૧૯ ટકા લોકોનો મત છે કે કેજરીવાલને પૂર્ણ બહુમતી મળી નથી જેથી કોંગ્રેસની સાથે મળીને ગઠબંધન સરકાર બનાવવી જોઈએ નહીં.

એક ટકા લોકોએ તેમનો મત આપ્યો નથી. દિલ્હીમાં મોટાભાગના લોકો બીજી વખત ચૂંટણીની તરફેણ કરતા નથી. કોઈને મત મળી નથી આવી સ્થિતિમાં ફરી ચૂંટણી થવી જોઈએ કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં ૬૪ ટકા લોકોએ કહ્યું હતું કે તેઓ બીજી વખત ચૂંટણી ઈચ્છતા નથી. ૩૩ ટકા લોકો માને છે કે બીજી ચૂંટણી થવામાં કોઈ તકલીફ નથી. ત્રણ ટકા લોકો ગૂંચવણભરી સ્થિતિમાં દેખાઈ રહ્યા છે. બીજી વખત ચૂંટણી થશે તો કેજરીવાલને મત આપશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા જવાબમાં સારી પ્રતિક્રિયા મળી હતી. આઠ ટકા લોકોએ કોઈ મત આપ્યો ન હતો. ૨૯ ટકા લોકોનું કહેવું છે કે કેજરીવાલે મોટા વચનો આપ્યા છે પરંતુ તેઓ વચન પાળી શકશે નહીં.

### ગ્રહણશક્તિ ખીલવવાના ઉપાયો (પાના નં. ૪ નું ચાલુ)

પરીક્ષા, તુલના અને સ્પર્ધા નામનાં ત્રણ દૂષણો આજના વિદ્યાર્થીને પીડી રહ્યા છે.

પરિણામે ગ્રહણ કરવાનું કે સમજવાનું બંધ થઈ ગયું અને ગોખવાનું શરૂ થઈ ગયું. સિદ્ધાંત અને વ્યવહારનો સમન્વય જો આ પ્રક્રિયામાં નહીં થાય તો આપણે બધું ગુમાવીશું.

સમગ્ર સમાજ માટે આ ચિંતન અને ચિંતાનો વિષય છે. આપણું બધાનું એ દાયિત્વ છે કે આપણે શિક્ષણને એના મૂળ અર્થો પાછા મેળવી આપીએ. એક ચિંતકે શિક્ષણની વ્યાખ્યા આ રીતે આપી છે -

''અવ્યક્ત ગુણોને ખિલવી શકે અને અવ્યક્ત શક્તિને જાગ્રત કરી કાર્યમાં જોડી શકે, તેનું જ નામ શિક્ષણ.''

પણ... આવું કરવા માટે પૂર્વશરત છે કે આજના બાળક પર આપણે આપણા વિચારો, વ્યક્તિત્વ અને વ્યવસ્થાઓ થોપી ના દઈએ અને એમને મુક્તપણે (સ્વચ્છંદતાપૂર્વક તો નહીં જ!) વિકસવા દઈએ. દિશાબોધ કરતા રહીને એમની મૌલિકતાઓ બહાર લાવીએ. બાળકોને હળવા બનાવી દેવાથી તેઓ આશ્ચર્યજનક પરિણામો આપી શકે છે.

સાર એ જ કે ગ્રહણશક્તિ ખીલવવાના બધા પ્રયત્નો આપણે બધાએ કરવા જોઈએ. આ ચિંતા નહીં કરીએ તો ગ્રહણશક્તિને જ ભયંકર ગ્રહણ લાગી જશે.

## ઉંચી ગેસ કિંમતથી ઉત્પાદન વધશે : મોઈલીએ દાવો કર્યો

નવી દિલ્હી,તા. ૨૦

સુધારવામાં આવેલી કિંમતે કુદરતી ગેસ વેચવા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને કેન્દ્રિય કેબિનેટે મંજુરી આપ્યાના એક દિવસ બાદ પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલીએ આજે કહ્યુ હતુ કે ઉંચી કિંમતોથી સ્થાનિક ગેસ ઉત્પાદનને વધારવામાં મદદ મળશે સાથે સાથે આયાતમાં કાપ મૂકવામાં પણ મદદ મળશે. આજે ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિએશનની શિખર બેઠકમાં બોલતા મોઈલીએ કહ્યુ હતુ કે જો ગેસની કિંમતોમાં વધારો કરવામાં આવશે નહીં તો સ્થાનિક ઉત્પાદન પણ વધશે નહીં. આયાત પર વધારે આધાર રાખવાની જરૂર પડશે. તેમણે કહ્યુ હતુ કે જૂન મહિનામાં સરકારે તમામ સ્થાનિકરીતે પેદા થતી કુદરતી ગેસની કિંમતો માટે એક નવી ફોરમ્યુલાને લીલીઝંડી આપી હતી આ ફોરમ્યુલાને એપ્રિલ ૨૦૧૪થી અમલી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કેબિનેટે ગઈકાલે જ આરઆઈએલને તેની કિંમત વધારવા મંજુરી આપી હતી. મોઈલીએ કહ્યુ હતુકે ભારતના હાઈડ્રો કાર્બનની ક્ષમતાને હજુ પણ વધારવાની જરૂર છે. આરઆઈએલને તેની કિંમત બે ગણી કરવાની મંજુરી મળ્યા બાદ આ કંપનીના શેરમાં ઉછાળો આવ્યો હતો.

## જાટ માટે પછાત દરજ્જા અંગે નિર્ણય લેવાનો પેનલને આદેશ

નવી દિલ્હી,તા. ૨૦

ચાર રાજ્યોમાં તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર અને હવે ટૂંક સમયમાં જ યોજાનારી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને યુપીએ સરકારે સામાન્ય લોકોને પ્રભાવિત કરવા માટે નવી વ્યૂહરચના તૈયાર કરી દીધી છે. યુપીએ સરકારે હવે જાટ સમુદાય માટે પછાત દરજ્જા અંગે નિર્ણય લેવા રાષ્ટ્રીય પંચને સૂચન કર્યું છે.જાટ અનામતના મુદ્દાને કોંગ્રેસ પાર્ટીએ ફરી એકવાર ઉઠાવી લીધો છે. રાષ્ટ્રીય સ્તરે જાટ સમુદાયને પછાત જાહેર કરવાને લઈને લાંબા સમયથી માંગણી ચાલી રહી છે. કેન્દ્ર સરકારે તેમની સામાજિક, રાજકીય અને આર્થિક સ્થિતિ ઉપર ઉપલબ્ધ માહિતીના આધાર ઉપર કેન્દ્રીય ઓબીસીની યાદીમાં જાટ સમુદાયના સમાવેશ માટેની જટિલ માંગમી તરફ ધ્યાન આપવા રાષ્ટ્રીય પંચને કહ્યું છે. કમીશને અગાઉ આ મુદે નિર્ણય લેવા છ રાજયમાં સર્વે કરવાનો આદેશ કર્યો હતો. સર્વે કરવાની બાબત એ લાંબી પ્રક્રિયા છે. ઉપલબ્ધ આંકડા હવે નવી ચર્ચા જગાવી રહ્યા છે. ગુરુવારના દિવસે મળેલી કેબીનેટની બેઠકમાં આ મુદે ચર્ચા વિચારણા કરાઈ હતી પરંતુ લોકસભાની ચૂંટણી પહેલા આ સંવેદનશીલ મુદાને હાથ ધરવામાં આવે કે કેમ તેને લઈને દુવિધાભરી સ્થિતિ રહી હતી. વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં રાષ્ટ્રીય લોકદળ જેવીપાર્ટી આ પગલાં મારફત જાટ સમુદાયને પ્રભાવિત કરવા માટે કમરકસી ચૂકી છે. કેબીનેટે તેની હદમાં દિલ્હી અને ઉત્તરાખંડના જાટને સામેલ કરવાની માંગણી તરફ ધ્યાન આપ્યું છે. મૂળભૂત માંગણી ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ સુધીની રહી છે. ઘણા નિષ્ણાંતો માને છે કે મુસ્લિમોને આવરી લેતા મુજફ્ફરનગરના કોમી રમખાણો બાદ ધ્રુવીકરણની સ્થિતિ સર્જાઈ છે આવી સ્થિતિમાં આ સમુદાયને પ્રભાવિત કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. કેબીનેટમાં નાગરિક ઉડ્ડયન પ્રધાન અજીતસિંહે જાટ સમુદાયનો મુદ્દો જોરશોરથી ઉઠાવ્યો છે. યુપીએમાં સામેલ થયા બાદથી જ આરએલડીના વડા અજીતસિંહ આ મુદ્દો ઉઠાવતાં આવ્યા છે. કેબિનેટે જાટ સમુદાને તરત જ પછાત જાતિ તરીકે જાહેર કરવી જોઈએ તેવી માંગ થઈ રહી છે. જો કે અજીતસિંહને કાયદા, ન્યાય અને નાણામંત્રાલય તરફથી વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. કપીલ સિબ્બલ અને ચિદમ્બરમ્ સામાજિક ન્યાય પ્રધાન કુમારી સેલજાને ટેકો આપી રહ્યા છે. આવનાર દિવસોમાં આ મામલો ફરી ચર્ચા જગાવે તેવી શક્યતા છે. બીજી બાજુ એનસીપીના પ્રધાનો શરદ પવાર અને પ્રફુલ્લ પટેલે પણ ઓબીસીની યાદીમાં મરાઠી લોકોનો સમાવેશ કરવાની માંગણી કરી છે.

## સમાચાર ઝલક

- ♥ કાશ્મીર ખીણમાં ઠંડીનું મોજુ ફરી વળ્યું.
- ♥ ભારતીય રાજદૂતના આક્ષેપો અંગે અમેરિકા મક્કમ
- ♥ શેરડી ઉત્પાદકોને ૬૬ અબજની લોન સરકારે મંજૂર કરી.
- ♥ અરવિંદ કેજરીવાલના 'આપ' પક્ષને ચૂંટણીપંચે માન્યતા આપી.
- ♥ દક્ષિણ સુદાનમાં ત્રણ ભારતીય શાંતિ સૈનિકોના મોત.
- ♥ સમલૈંગિક પ્રશ્ને સરકારે સુપ્રીમમાં પુનઃવિચાર માટે રજુઆત કરી.
- ♥ 'બીગ બોસ' સિરીયલ સામે ધાર્મિક લાગણી દુભાવવા માટે હૈદરાબાદ કોર્ટમાં રીટ.
- ♥ જાટ કોમને પછાત ગણવા કેન્દ્રીય કેબિનેટની ભલામણ.
- ♥ યુદ્ધ વિમાન 'તેજસ' આજથી ભારતીય વાયુ સેનામાં સામેલ.
- ♥ મુંબઇમાં અમેરિકન પ્રોડક્ટો સામે ઉગ્ર દેખાવો.
- ♥ બી. જે. મેડિકલ કોલેજોમાં બીજે દિવસે તબીબોની હડતાળ ચથાવત.
- ♥ ચંડીગઢમાં સોળ વર્ષની વિદ્યાર્થી સાથે દુષ્કર્મ બાબતે ૬ પોલીસ કર્મીઓની ધરપકડ.
- ♥ ફીલીપાઇન્સમાં એરપોર્ટ પર ગોળીબારમાં ૪નાં મોત.
- ♥ મોરબી સિરામીક ઉદ્યોગની હડતાળમાં ૨૩ ઉદ્યોગપતિઓ ઉપવાસમાં જોડાયા.
- ♥ અમદાવાદમાં સેન્ટ્રલ મોલ સીલ કરાયો.
- ♥ અંબાજીમાં પગરખાં સાચવવા રૂા. ૧ ની ફી સામે હાઇકોર્ટમાં જનહિતાર્થે રીટ કરાઇ.
- ♥ રાયબરેલીમાં બે બાળાઓ પર તેજાબ ફેંકાયો.
- ♥ હૈદરાબાદ વિમાની મથકે ૧૦ કિલો સોનું ઝડપાયું.